# શામળાજીમાં નજીવી બાબતે અમદાવાદના યુવાનની છરીના ઘા ઝીંકી હત્યા

શામળાજી, તા.૭

અરવલ્લી જિલ્લાના પ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી બસ સ્ટેન્ડ નજીક અમદાવાદના એક યુવાનને ઉલ્ટી કરવાની સામાન્ય બાબતમાં બોલાચાલી થતાં ચપ્પાના ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતારવાનો કિસ્સો બનવા પામ્યો છે. શામળાજી પોલિસે આ અંગે ગુન્હો નોંધી આરોપીઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

શામળાજી પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. એ.કે. વાળાના જણાવ્યા મુજબ અમદાવાદના અસારવા વિસ્તારના પાંચેક જેટલા યુવાનો શામળાજી બાજુ ફરવા આવ્યા હતા ત્યારે શામળાજી બસસ્ટેન્ડની બાજુમાં આવેલા એક ગલ્લાની સામે ૫ યુવાનો પૈકી ૧ યુવાનને ઉલ્ટીઓની અસર થતાં ઉલ્ટીઓ કરી હતી ત્યારે ત્યાં ઉભેલા અન્ય આરોપીઓએ અહીં ઉલ્ટી કેમ કરે છે તેમ કરી સામાન્ય બોલાચાલી બાદ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં ઉભેરાયેલા આરોપીઓએ અમદાવાદના અસારવા વિસ્તારના રહીશ રાજેશભાઈ મનુભાઈ મકવાણા (ઉ.વ.૨૨)ને છાતીમાં ઉપરાઉપરી ચાકુના ઘા ઝીંકી ખુન કરી નાંખ્યું હતું. આ ઉપરાંત અન્ય આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી લાકડીઓ તથા ઈંટ અને પત્થર વડે અન્ય યુવાનો ઉપર હુમલો કર્યો હતો. આમ ધુળેટીના સમયે જ શામળાજીના બસ સ્ટેન્ડ આગળ જાહેરમાં જ યુવાનનું ખુન થઈ જતાં ભારે ચકચાર પ્રસરી છે. યુવાનની હત્યા થઈ ત્યારે પોલિસ જવાનો તૈનાત હતા? યુવાનને કોઈએ મદદ કેમ ન કરી? વગેરે બાબતે લોકોમાં ઉત્સુકતા જગાવી છે.


(તસવીર : ધ્રુવ પ્રણામી)

# અરવલ્લી જિલ્લામાં હોળી અને ધુળેટીની ધામધૂમથી ઉજવણી

(જીતેન્દ્ર પટેલ) મોડાસા તા.૫

હોળી એટલે કળયુગ ઉપર સત્ય નો વિજય ભકત પ્રહલાદને તેની ફોઈએ પોતાના ખોળામાં લઈ ને ચિતા ઉપર બેઠા હતા ત્યારે તેમને વરદાન હતુ કે આગ માં બળી શકે નહી ત્યારે ધકત પ્રહલાદ સત્ય ની સાથે હોળીકા ના ખોળા માં હસતા-હસતા બેસી ગયા હતા અને હોળીકા આ ચિતા માં બળી ને ખાખ થઈ ગઈ હતી ત્યાર થી આ હોળી નો ઉત્સવ મનાવવા માં આવે છે અને હોળી ના બીજા દિવસે તેની ખુશી માં રંગ ઉડાડી ને ખુશી વ્યકત કરવામાં આવી હતી તે દિવસ ને ધુળેટી તરીકે મનાવવામાં આવે છે.

ત્યારે સાગ્ર અરવલ્લી જીલ્લા ના મોડાસા બાયડ માલપુર ધનસુરા મેઘરજ અને ભીલોડા ખાતે અલગ અલગ જગ્યાએ રાત્રે હોળી પ્રગટાવી હોલીકા દહન કરવામાં આવ્યુ હતુ આ હોલીકા દહન માં ખજુર ધાણી અને નારીયેળ પધરાવા માં આવે છે ત્યારબાદ હોળી ની આસપાસ પ્રદશીણા કરવામાં આવે છે ત્યારે જીલ્લા માં વર્ષો થી ચાલતી પરંપરા મુજબ મોડાસા ખાતે પહેલા શેઠ ની હવેલી માં હોળી પ્રગટે છે ત્યારબાદ મોડાસા ના સર્વે વિસતારો માં તેની આગ લઈ ને હોળી પ્રગટાવા માં આવે છે જયારે આ હોળી માં બીજો એક મહિમા જોડાયેલો છે કે નવા પરણિત જોડા પ્રથમ હોળીએ દુનિયા ના કોઈપણ ખુણા માં હોય પરંતુ હોળીના દર્શન કરવા માટે માદરે વતન જરૂર આવે છે જયારે જેને ઘેર પ્રથમ બાળક અવતર્યુ હોય ત્યાં જેમ નો પ્રસંગ પણ ધામધુમ થી ઉજવાય છે ત્યારે આ જેમ ના પ્રસંગે બાળક ના માતાપિતા બાળક ને લઈ ને મંદિર માં પુજા અર્ચના કરી હોળી ના પાંચ ફેરા ફેરવે છે ત્યારે આ હોળી ની પ્રદશીણા કરવા પાછળનુ વૈજ્ઞાનીક કારણ એ છે કેઆ હોળી ની પ્રદશીણા કરવાથી શરીર ના છીદ્રો ખુલી જાય છે અને આ હોળી ની શેક ના કરાણે શરદી અને કફ પણ મટી જાય છે.

જયારે સમગ્ર અરવલ્લી જીલ્લા માં બીજા દીવસે અબીલ ગુલાલ અને કલર વડે લોકોએ ધામધુમ થીએકબીજાને રંગી ને ધુળેઠી નો તહેવાર મનાવ્યો હતો પરંતુ દર વખત ની જેમ આ વખતે ધુળેટી સ્વાઈનફલુ ના કારણે ફીકી રહેવા પામી હતી.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## આજે મુખ્યમંત્રીના હસ્તે ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈનનું લોંચિંગ કરાશે

પાલનપુર, તા. ૭

નિવાસી અધિક કલેકટરશ્રી બનાસકાંઠા, પાલનપુર દ્વારા જણાવ્યા -માણે આજે તા. ૮-૦૩-૨૦૧૫, રવીવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકે મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈનના રાજયવ્યાપી લોંચિંગનો કાર્યક્રમ ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજાશે. આ કાર્યક્રમનું બાયસેગ મારફત રાજયના તમામ જીલ્લાઓ અને તાલુકાના વડામથકે જીવંત -સારણ કરવામાં આવશે. બનાસકાંઠા જીલ્લાના પાલનપુર મુકામે કલેકટરશ્રીની કચેરીના મિટીંગહોલમાં કાર્યક્રમના જીવંત -સારણને નિહાળવાની વ્યવસ્થા કરવામાં આવી છે.


(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામના ચોકમાં હોળી પર્વે સાંજે વડાગામના ચોકને રોશનીથી શણગારી લાકડાઓના મોટા ઢગ ખડકી વિદ્વાન પંડીતોના મંત્રોચ્ચાર સાથે હોળી પ્રગટાવવામાં આવી હતી. હોળીના પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરવા માટે વડાગામના સરપંચ, વડાગામના તથા આજુબાજુના ગામડાઓના પ્રજાજનોએ હોલીકા માતાના જય જય કાર કરી દર્શનનો લ્હાવો લીધો હતો.

## બોરડીમાં યુવકનું દાઝી જતાં મોત

ખેડબ્રહ્મા, તા.૭

ખેડબ્રહ્મા તાલુકાના બોરડી ગામનો એક યુવક દાઝી જતાં તેનુંમોત થયું હતું. આ અંગેની વિગત એવી છે કે ખેડબ્રહ્મા તાલુકાના બોરડી ગામના પરમાર મનોજભાઈ વિષ્ણુભાઈ ઉ.વ.૨૦ કોઈ અગમ્ય કારણોસર શરીરે દાઝી જતાં પ્રાથમિક સારવાર માટે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. પણ યુવક સખત રીતે દાઝી ગયો હોવાથી વધુ સારવાર માટે હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં ગુરુવારના રોજ તેનું મોત થતાં સિવીલ હોસ્પિટલના ડૉ. હસમુખભાઈ રાઠોડે ખેડબ્રહ્મા પોલિસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડબ્રહ્માના લક્ષ્મીપુરામાં ૨.૪૦ લાખના ૬ પશુ ચોરાયા

ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામના ખેડૂતના તબેલામાંથી ૪ ભેંસો, ૧ પાડી અને ૧ પાડો મળી કુલ છ પશુઓ કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરી લઈ ગયા અંગે રૂ. ૨.૪૦ લાખની પશુચોરીની ફરીયાદ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી છે.

લક્ષ્મીપુરા ગામના પટેલ જગુભાઈ રામજીભાઈ તથા પટેલ મનુભાઈ રામજીભાઈના નવા કુવાના નામે ઓળખાતા ખેતરમાં આવેલા તબેલામાંથી શુક્રવારે રાત્રીના સાત વાગ્યાથી સવારે ૫ વાગ્યાના સમય દરમિયાન તબેલામાંથી ૪ ભેંસો, ૧ પાડી, ૧ પાડો મળી કુલ ૬ પશુઓની કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરી લઈ ગયા હતા. મનુભાઈ પટેલના જણાવ્યા અનુસાર છેલ્લાપાંચ વર્ષથી તબેલા ઉપર રાત્રી રોકાણ કરવામાં આવતુ હતુ પણ શુક્રવારે ધુળેટીના પર્વ નિમિત્તે ઘરે પ્રસંગ હોવાથી સાંજે દૂધ કાઢી ઘેર જતા રહ્યા હતા. પશુ ચોરનાર બે વાહનો લઈ આવ્યા હોવાનુ વાહનના પૈડાના પાટા ઉપરથી જણાય છે. અને પશુઓની સાંકળો કાપી ઉકરડા પાસે વાહન ઉભાં રાખી પશુઓને ચઢાવી ચોરી કરી ગયાનું જણાય છે.

લક્ષ્મીપુરાના રોહીતભાઈ પટેલના જણાવ્યા અનુસાર ગત ડિસેમ્બરમાં પટેલ દીલીપભાઈ મોતીભાઈના રોડ ઉપરના તબેલામાંથી ત્રણ ભેંસ અને ૧ પાડી મળી રૂ. ૧,૮૫,૦૦૦ ના ચાર પશુઓની ચોરી થઈ હતી. આ ચોરી થયા પછી ખેડબ્રહ્મા પોલીસને રજુઆત કરવામાં આવી હતી. પણ પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. મનુભાઈ પટેલે રૂ. ૨.૪૦ લાખની પશુચોરી અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. જી.કે. ઈસરાની ચલાવી રહ્યા છે.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# મોડાસાના છાત્રેશ્વરી ગામ નજીક કારની ટક્કરે બાઈકસવારનું મોત

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના અને હિંમતનગર-શામળાજી હાઈવે નેશનલ ૮ પર આવેલા વાંટડા ટોલ ટેક્ષ નજીક છાત્રેશ્વરી ગામની સીમમાં બેફામ ગતિએ હંકારી રહેલી કારની ટક્કરથી છાત્રેશ્વરી ગામના યુવાનનું ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે મોત નીપજતા ગામમાં ગમગીની છવાઈ ગઈ હતી.

હિંમતનગર-શામળાજી હાઈવે નેશનલ ૮ પર આવેલા વાંટડા ટોલ ટેક્ષ નજીક મોડાસા તાલુકાના છાત્રેશ્વરી ગામના યુવાન જશવંતભાઈ સોમાભાઈ અસારી (ઉં.વ.૩૦) હોળીના દિવસે પોતાની બાઈક નંબર જીજે.એએલ.૭૧૪૬ લઈ શામળાજીથી દર્શન કરી પરત ફરતાં સાંજના ૫.૦૦ વાગ્યાના સુમારે છાત્રેશ્વરી ગામની સીમમાં રાજસ્થાન બાજુથી પુરઝડપે આવતી હોન્ડા સીટી નંબર જીજે.૨૭.એએચ.૭૦૦૦ ચાલકે ગફલત ભરી રીતે કાર હંકારી બાઈકને પાછળથી ટક્કર મારતા બાઈક સવાર યુવાન રોડ પર પટકાતા ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતા યુવાનના સગા સંબંધીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને આક્રંદ કરી મુક્યો હતો. મૃતક યુવક ખેતમજૂરી કરતો હતો. તેમજ પરિવારમાં પત્ની અને બે બાળકીઓ હતી. પરિવારે ઘરનો મોભી ગુમાવતા પરિવાર પર આભ તુટી પડ્યું હતું. યુવકના મોતના સમાચારથી આજુબાજુના ગામોમાં પણ શોક વ્યાપ્યો હતો. જ્યારે અકસ્માત સર્જી કારચાલકે કાર ઘટના સ્થળે મુકી ફરાર થઈ ગયો હતો. આ અંગે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન પી. એસ. આઈ. ઝાલાએ અકસ્માતમાં મૃત્યુ નીપજાવવાનો ગુનો નોંધી ફરાર કાર ચાલકને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.


(તસવીર : જય અમીન, મોડાસા)

# મેઘરજના બાંઠીવાડા ખાતે વર્ષો જુની પરંપરા મુજબ ધુળેટીના દિવસે હોળીની ઉજવણી

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૫

ભારત ભરમાં દરેક જગ્યાએ અનોખી રીતે હોળી ની ઉજવણી કરવામ આવે છે તેમાંયે રાજસ્થાન માં આ હોળી નો પર્વ ધામધુમ થી ઉજવવામાં આવે છે. ત્યારે અરવલ્લી જીલ્લા ના મેઘરજ તાલુકા ના બાંઠીવાડા ગામે વર્ષો જુની પરંપરા મુજબ ધુળેઠી ના દિવસે હોળી નો તહેવાર મનાવવા માં આવે છે ધુળેઠી ના દિવસેઆ ગમ માં ૧૦૦૦૦ હજાર જેટલા લોકો ઢોલ અને નગાર લઈ એકઠા થયા છે અને રંગેચંગે હોળી ની ઉજવણી કરવામાં આવે છે.

મેઘરજ તાલુકા ના બાંઠીવાડા ગામે અભણ ભોળી આદીવાસી પ્રજા હોળી મનાવવા માટે તત્પર હોય છે ત્યારે એક લોક વાયકા મુજબ એવી કહેવત છે કે “ અઠે કઠે હોળી તો માદરે વતને જ” ત્યારે આ આદિવાસી ઓ માં પહેલા ભણતર નુ સ્તર નીચુ હતુ ત્યારે આ લોકો પોતાનો હિસાબ ચુકતે કરવા માટે હોળી ના તહેવાર નીવાટ જોવાતી હતી ત્યારે આ બાંઠીવાડા ગામ ની એક પ્રણાલીકા મુજબ પોતાની દુશ્મની નુ વેર વાળવા આ ધુળેટી પર્વ ના દિવસે ઢોલ નગારા સાથે હોળી ની આજુબાજુ ફેર ફરતાફરતાં પોતાની દુશ્મની પુરી કરવા માટે દુશ્મન નુ માથુ ઉતારી લેતા હતા ત્યારે આજે ભણતર નુ સ્તર ઉંચું આવવાની સાથે આ ભોળી આદિવાસી પ્રજા સાચે જ આજે દુશ્મની ના આ વેર માંથી બહાર નીકળી દુનીયાદારી તરફ વળી ગઈ છે

હોળી નો તહેવાર એ રઘુકુલ વદત થી આ લકો નો વારસો છે જેથી આ લોકો ના વડાવાઓ વખત થીઆહોળી નો તહેવાર ઉજવાય છે બાઠીવાડા એ બાર મુવાડા નુ ગામ છે વર્ષો થી આ તહેવાર રાત્રે ઉજવવામાં આવતો હતો પરંતુ તે સમયે લોકો ખાવા અને પીવા વાળા હતા જેથી આ તહેવાર માં ધમાલ થતી હતી આ બાબલ ના કારણે ગામના બે આગેવાનો એ બલિદાન પણ આપેલુ છે જેથી સને ૨૦૦૨ પછી આ ઉત્સવ સમાજ ના આગેવાનો કોઈ અરનીછનીય બનાવ ના બને તે માટે તેની જવાબદારી લઈ ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ધુળેટી ના દિવસે મનાવવામાં આવે છે.

સમગ્ર ગુજરાત રાજય માં આ હોળી નો તહેવાર ધામધુમ થી ઉજવાતો હોય ત્યારે દસ હજાર ની વસ્તી ધરાવતુ બાંઠીવાડા ગામ માં દરેક લોકો ઢોલ અને નગારા વગાડી રમતા જમતા લાઠીઓ લઈ આવતા હોય છે આ ગામે બાર મુવાડા ભેગા થઈ ને ગાગાર મુકી તેમાં ચાર માટી ના લાડવા મુકી હોળી પ્રગટયા પછી ગાગર લાડુ કાઢી આવનારૂ વર્ષ કેવુ રહેશે તેનો કયાસ કાઢવા માં આવે છે જયારે આ ગાગર નુ પાણી નાના બાળકો ની આંખે લગાડવાથી બાળકો ને કદી બીમારી આવતી નથી તેવી માન્યતા રહેલી છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# ભારતીય લશ્કરમાં જોડાવવા યુવાનોને સુવર્ણતક

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર મુકામે સાબર સ્પોર્ટસ સ્ટેડીયમ ખાતે તા. ૧૦ થી ૧૯ માર્ચ દરમિયાન ઉત્ત્તર અને મધ્ય ગુજરાતના યુવાનો માટે લશ્કરી ભરતીમેળો યોજાશે. આર્મી રીક્રુટમેન્ટ ઓફીસ અમદાવાદના પત્રમાં જણાવ્યા -માણે નીચે જણાવેલ કાર્યક્રમ અનુસાર ભરતી -ક્રિયા યોજાશે. તા. ૧૦ માર્ચ- પંચમહાલ, દાહોદ અને ગાંધીનગર જીલ્લાના તમામ તાલુકાના ઉમેદવારો માટે, તા.૧૧ માર્ચ-સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા, વડાલી, વિજયનગર અને ઈડર તાલુકાના ઉમેદવારો માટે, તા. ૧૨ માર્ચ-સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર, -ાંતિજ અને તલોદ તાલુકાના ઉમેદવારો માટે તથા અરવલ્લી જીલ્લાના તમામ તાલુકાના ઉમેદવારો માટે, તા. ૧૩ માર્ચ- બનાસકાંઠા જીલ્લાના વાવ, થરાદ, દાંતા, ધાનેરા, દાંતીવાઠા, અમીરગઢ અને લાખણી તાલુકાના ઉમેદવારો માટે, તા. ૧૪ માર્ચ- મેડીકલ એકઝામ, તા.૧૫ માર્ચ- બનાસકાંઠા જીલ્લાના ડીસા, દિયોદર, ભાભર, કાંકરેજ, પાલનપુર, વડગામ અને સુઈગામ તાલુકાના ઉમેદવારો માટે, તા. ૧૬ માર્ચ- મહેસાણા જીલ્લાના તમામ તાલુકાના ઉમેદવારો માટે, તા. ૧૭ માર્ચ- પાટણ જીલ્લાના તમામ તાલુકાના ઉમેદવારો માટે, તા. ૧૮ માર્ચ- લ્બ્લ/ **SOEX/ SOW/ SOWW , Outsider Sanction, ESM for DSC** પંચમહાલ, દાહોદ, ગાંધીનગર, સાબરકાંઠા, અરાવલી, બનાસકાંઠા, મહેસાણા અને પાટણ જીલ્લાના આ કેટેગરીના ઉમેદવારો માટે તા. ૧૯ માર્ચ- મેડીકલ એકઝામ.

# આગીયા ગામની અનોખી હોળી અંગારા પર ખુલ્લા પગે ચાલવાની પરંપરા

ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામમાં હોળી પર્વની ઉજવણી મહાકાળી માતાજીના પૂજન વિધિ સાથે થાય છે. હોળીને પ્રગટાવ્યા પછી હોળીના ધગધગતા અંગારા પર લોકો ખુલ્લા પગે ચાલી અનોખી રીતે આ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ગુરૂવારે રાત્રે ૮.૩૫ વાગ્યે શાસ્ત્રી ઋતુલકુમાર જે. જોષીએ પૂજન વિધિ સાથે હોળી પ્રગટાવી હતી. આગીયા ગામે પ્રગટતી હોળીની પરંપરા પાંડવ કાળથી ચાલી આવે છે તેમ મહાકાળી માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ ભૂપતસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

હોળી પ્રગાટાવ્યા પછી માતાજીના જયઘોષ સાથે ગામના ભાઈઓ તથા બાળકો શ્રદ્ધાથી હોળીના ધગધગતા અંગારા પર ઉઘાડા પગે ચાલ્યા હતા. છતાં શ્રદ્ધાળુ દાઝ્યા ન હતા હોળીની સળગતી ધજા હવામાં ઉડતી નીચે આવે અને તેને નિઃસંતાન વ્યક્તિ ઝીલે તો તેના ઘરે પારણુ બંધાય છે. તેવી માન્યતા પ્રચલિત છે. હોળી માતાના દર્શન કરવા સમગ્ર પંથક તથા ગુજરાત બહાર રાજ્યના શ્રદ્ધાળુઓ પણ ઉમટી પડ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD

Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ



ગુજરાત સરકાર માન્ય

ISO-9001:2008 COMPANY



સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર

TATA

ઓથોરાઈઝ્ડ ડીલર

Castrol

EXIDE INDUSTRIES LIMITED

BRIDGESTONE PASSION for EXCELLENCE

JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦